## શાદીની રૂસૂમાતમાંથી એક –: " ધારા " ની રસમમાં પુર–હિકમત ઈસ્લાહ :–

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની સુન્નતો માંથી શાદી યા નિકાહ એક પાકીઝા તરીકો છે અને ઝિંદગીનો અહમ રૂકન છે. શાદી એક સમાજી ઊસૂલ છે, જિસ્માની તકાઝો છે; અને પાક દામન બૈરો સાથે નિકાહ કરવા એ ઇન્સાની નસલના કિયામ વાસ્તે બેહતરીન અને ખુશગવાર નુસ્ખો છે. શાદી ખાનાઆબાદીની તારીખ મુકર્રર કરવાની રસમને અપની ઝબાનમાં "ધારા" ની રસમ કહેવાય છે જેમાં દિકરીના વાલી દાઅવતના મરકઝ પર આવી રસમને અંજામ આપતા હોય છે. આ મુજબનો સિરસ્તો હમણા તક જારી હતો, પણ મોહર્રમુલ હરામ ૧૪૨૯ હી. ની વાઅઝમાં સાહબે દાઅવત એ એમ ફરમાન સાદિર કીધું કે, હવે પછી ધારાની રસમમાં દિકરીને, કે જેની શાદી વાસ્તે ધારૂં લેવાય છે; તેને પણ તેના વાલિદ અને વાલિદા સાથે સાહબે દાઅવત નઝદીક હાઝિર રહેવું પડશે.

આ ઈસ્લાહ પાછ્લનો મકસદ એ છે કે, દિકરીઓના મીસાક થયા બાદ હુઝૂરેઆલી સૈયદના સાહબ (ત.ઉ.શ.) સાથે નો કોઇ એવો ખુસૂસી મૌકો મયસ્સર નથી થાતો જેથી સાહબે દાઅવત દિકરીના રૂબરૂમાં પંદો નસીહતના કલામ કહી શકે યા તેની તાઅલીમો તરબીયતના હાલાતથી વાકિફ થઇ શકે યા તેના અકીદા-ખયાલાતથી ખબરદાર થઇ શકે. દિકરીને પારકા ઘરમાં જાવાનું છે, નવા માહૌલથી વાકિફ થઇને પોતાને તેનો એક હિસ્સો બનવાનું છે અને શૌહરનું ઘર પોતાનું જ ઘર સમઝીને તેને સઁવારવાનું છે. દિકરીની ઝિંદગીના આ મોડ પર ઘણા કમ વાલેદૈન પોતાની દિકરીઓને શાદી પછીના ઘરેલું હાલાતની હકીકતોથી રૂઆશના કરાવી નસીહત કરી શકે છે ! તેથી ધારાની રસમમાં દિકરીની હાઝિરીમાં સાહબે દાઅવત એ એક રૂહાની વાલિદ તરીકે ફરમાવેલા પુર-હિકમત કલામ એક લા-કીમત ગૌહર અને એક મીઠા ઝરણા મુજબ દિકરીને તેની પૂરી ઝિંદગી કામ લાગશે અને દુનિયાના ઉતાર-ચઢાવના દરિયામાં સબ્રો શુક્રની કિશ્તી પર સવાર થઇ તે એક કામિયાબ ઇઝદેવાજી ઝિંદગીના સાહિલ પર પહોંચી શકશે.

ફરમાને દાઅવત મુજબ આ મુબારક રસમની શુરૂઆત થઇ ચુકેલી છે. જે કલામે ખાસ અને નસીહતે મુફીદા સાહબે દાઅવત દિકરીને મુખાતિબ થઇને ફરમાવે છે તેમાંથી ચંદ નુકાત આ મુજબ છે. આપ ફરમાવે છે કે, અય મારા દુખ્તર, "અલ્લાહનો તમેં શુક્ર માનો કે, તમને આ નિકાહની સુન્નતે મુબારેકા પર ચાલનારા કીધા. દાઅવતની રેહમતના સાયામાં હવેથી તમારી ઝિંદગીનો એક જદીદ પહેલું ઇબ્તેદા થઇ રહ્યો છે. તમેં તમારા માઁ-બાવાજીના શફકત અને મોહબ્બતના દાએરાથી નીકલીને તમારા શૌહર-શરીકે હયાતની ખિદમતનાં દાએરામાં પગ મુકશો. હવે તમારા શૌહરના માઁ-બાવાજીને પૂરા ઇખ્લાસ સાથે તમારા પોતાના માઁ-બાવાજી તરીકે તસ્લીમ કરવાના છે, તે ઘરની ખુશી-ગમીને દિલથી લગાવીને તેમાં તમારી ખુશી-ગમી સમઝવાની છે."

અય મારા દિકરી, તમારા શૌહરના ઘરમાં તમને દીનદારી, પરહેઝગારી, પાકદામની, સંજીદગી અને શરમો હયાનો ઇઝહાર કરવાનો છે. તમારી શીરીં ઝબાનીથી, ખુશ અખ્લાકીથી, નીચી નઝરથી, નરમ અવાઝથી અને નેક રફતારો ગુફતારથી તમારા શૌહરની નઝરમાં અઝીઝ બનવાનું છે. તમારા માઁ-બાવાજી કે જેને તમારા સાથે ઘણી ઉલ્ફત, ચાહત અને લાગણી છે, તમારાથી ઉમ્મીદો છે, તમને હર હાલ ખુશ જોવા ચાહે છે, હર ચીઝને બરદાશ્ત કરીને તમને આ મંઝિલ પર પહોંચાવેલા છે, તમારી તરબીયતો તાઅલીમમાં હરચંદ કોશિશ કીધી છે, તમારા હર તકાઝાને અને હર તમારી હાજતને પૂરી કીધી છે; તેમની ઇઝઝતો આબરૂં અય દુખ્તર તમારા હાથમાં છે. તમને તમારા માઁ-બાવાજીની શાનને ઔર વધારવાની છે અને તેમની તરબીયત પર ખુશ કિરદારીનો લિબાસ પહેરાવીને એક આરાસ્તા શાદીશુદા ઝિંદગી ગુઝારવાની છે.

અય મારા પ્યારા દિકરી, જે મુજબ અપને આસપાસનો માહૌલ તબ્દીલ થાય છે, મૌસમ બદલાઇ છે, મિઝાજમાં ફરક આવે છે, તે મુજબ ઝિંદગી પણ એક રફતારથી નથી ચાલતી. થોડા થોડા ફાસલા પર ખુશી અને સહેલાઇના અય્યામ પણ છે અને સાથે સાથે ઇમ્તેહાન અને સખ્તી પણ છે. ઉસ્રત-યુસ્રત, ખુશી-ગમ, બહાર-ખિઝાઁ, તડકો-સાયો તો ઝિંદગીના સિક્કાના બે ચેહરા છે. અલ્લાહતઆલા તેને જ પસંદ કરે છે જે હર હાલમાં અલ્લાહ પર તવક્કુલ રાખે છે, નેઅમતો પર શુક્ર કરે છે અને મેહનત પર સબર કરે છે. બધા ઘર યા બધા લોગો એક કૈફીયત અને એક તબીઅત-ખયાલના નથી હોતા. તમને ઘરમાં કોઇ તકલીફ પડે, ઓછુ-વધારે થાય, કોઇ ઘરના ફર્દ સાથે ન બને, તમારી મરઝી મુજબનું ન થાય, કોઇ બોલાવે યા ન બોલાવે, આપવા-લેવામાં ઊંચ-નીંચ થાય તો તમેં સબર કરીને નીભાવજો; પણ જલ્દ બાઝીમાં કે નાદાનીમાં આવી તમારા ઘરની રાઝ અને મખ્ફી વાતો ને બીજા આગલ ઝાહિર કરી તમારી ઇઝદેવાજી ઝિંદગીમાં કડવાશ ન પૈદા કરજો. હમારી હિદાયત તમારે સાથે હશે અને જેટલો સબર કરશો એટલો અલ્લાહ તમને બેહતર અંજામ અને સવાબે અઝીમ આપશે.

અય મારા નેક ખિસાલ દિકરી, તમે ઇબાદત, ખિદમત અને મોહબ્બતથી તમારા શૌહરના ઘરને મોઝય્યન કરજો. ઘરમાં દીની, ઇમાની અને ઇસ્લામી માહૌલ પૈદા કરજો. તમારા શૌહરના અહલો અકરૂબા અને ખાનદાનના લોગો સાથે મોહબ્બતનો રિશ્તો બરકરાર રાખજો. સાસુ-સસરાની ખિદમતને લઇ ઉઠજો અને ઘરના બીજા લોગોને ખુશ રાખવાની તદબીર કરજો. એવી કોઇ ચીઝ ન કરજો જેથી ઘરવાલાઓ દરમિયાન નાઇત્તેફાકી, ફાટફુટ કે તફરીક થાય. મસ્જિદમાં નમાઝ વાસ્તે શરીક થાજો, મજલિસે અહલે બૈત (અ.સ.) માં આવવાની આદત રાખજો, દુઆતોના મઝાર પર જઇ બરકત હાસિલ કરજો. અય દિકરી, આ તરહની આદત રાખવી તમારે વાસ્તે ખૈર છે. તમારા શૌહરના ઘરવાલા જો આ તરફ તવજ્જોહ ન કરતા હોય તો તેમને હોશ અપાવી, અમલે ખૈર તરફ આમાદા કરજો. જે ઘરના બૈરો નેક, ખુશ ખિસાલ અને પાકીઝા સીરતના હશે તે ઘરને જન્નતી બનવાથી કોઇ રોકી શકતું નથી. તે ઘર પર હર વક્ત અલ્લાહના ફરિશ્તાઓની જમાઅત, ઇલાહી નેઅમતોનો ખઝાનો અને બરકાતનું નૂર નાઝિલ થાય છે. અલ્લાહતઆલા તમને મૌ. ફાતેમા (અ.સ.) અને મૌ. ઝૈનબ (અ.સ.) ની સૂરત-સીરત-અખ્લાકના કરે અને તમારી ઝિંદગી ખુશીઓથી ભરી દે અને તમે દુનિયા-આખેરતમાં કામિયાબ થાવ. ★